# રાજકોટિયન્સ પર ૯૫ કરોડનો તોતિંગ કરબોજ





તસવીર : દિલિપ ગોહેલ

## રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૩૫૯૫.૭ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું: રહેણાંક મિલકતનો સફાઈ વેરો રૂપિયા ૩૬૫થી વધારીને રૂપિયા ૮૦૦ અને પાણીવેરો રૂ. ૧૫૦૦ના બદલે રૂ. ૨૪૦૦ લેવા સૂચન: મકાન અને થિયેટર ટેક્સ યથાવત: કમિશનર દ્વારા સૂચવાયેલો વેરો ચૂંટણી વર્ષના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રદ કરાઈ આવે તેવી શક્યતા

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૩૫૯૫.૭૦ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. જો કે, આ વખતે સફાઈ વેરો અને પાણીવેરામાં વધારાનું સૂચન કરાયું છે જેમાં સફાઈ વેરામાં રહેણાંક મિલકતમાં ૩૬૫થી ૮૦૦ અને બિન રહેણાંક મિલકતનો વેરો ૧૪૬૦થી ૩૨૦૦ કરવા જયારે પાણી વેરામાં રહેણાંત મિલકતના ૧૫૦૦થી ૨૪૦૦ અને બિન રહેણાંક મિલકતમાં ૩૦૦૦થી ૪૮૦૦નો વેરો કરવા કમિશનરે સૂચન કરાયું છે. વર્ષ ૨૦૨૫-૨૬નું વર્ષ વેરા વસુલાત શાખા માટે ખૂબ જ મહત્વનું રહ્યુ છે. અત્યાર સુધીમાં કુલ ૪,૦૭,૨૧૯ કરદાતાઓએ મિલકતવેરાની ભરપાઈ કરેલ છે જેનાથી કુલ રકમ રૂ. ૩૪૭ કરોડની વસુલાત થવા પામેલ છે. ચાલુ નાણાકીય વર્ષે રકમ રૂ. ૪૫૫ કરોડની આવક થવાનો અંદાજ છે. અને આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વેરાની આવકનો રકમ રૂ. ૫૦૧.૦૦ કરોડ તથા સૂચિત વેરા વધારો મંજુર થયે અંદાજિત રકમ રૂ. ૯૫.૦૦ કરોડ મળી કુલ રકમ રૂ. ૫૯૬ કરોડનો અંદાજ રાખવામા આવેલ છે. રાજકોટમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પોર્ટ્સ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. અમદાવાદ ખાતે આગામી સમયમાં યોજાનારા કોમનવેલ્થ ગેમ્સને ધ્યાને રાખી રાજકોટના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એડવાન્સ સ્ટેજ પર લઈ જવામાં આવશે. આ માટે શહેરના ત્રણેય ઝોનમાં ૬૬૬ ધોરણે આધુનિક રમતગમતની સુવિધાઓ વિકસાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે શહેરની ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે અનેક મહત્વના પ્રોજેક્ટ્સ હાથ ધરાશે. જામનગર રોડ પરનો સાંઢિયા પુલ બ્રિજ (રૂ. ૭૪.૩૩ કરોડ) વર્ષ ૨૦૨૬-૨૭માં પૂર્ણ થશે. કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે રૂ. ૧૬૭.૨૪ કરોડના ખર્ચે થ્રી-લેયર ફ્લાયઓવર અને અન્ડરબ્રીજની કામગીરી પ્રગતિમાં છે.

**શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૧૭૦ નવા આવાસ, નવા વેક્યુમ સ્વીપિંગ મશીન, ગ્લો ગાર્ડન, આઈ-વે પ્રોજેકટ ૨.૦ સહિતની નવી યોજનાઓ**

આગામી વર્ષે રૂ. ૫૯૬ કરોડના વેરાની વસૂલાતનો લક્ષ્યાંક રાજકોટ મનપાના કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આજે ૩૫૯૫.૭૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૪.૦૭ લાખ કરદાતાઓએ ૩૪૭ કરોડની ભરપાઈ કરી છે જેનો લક્ષ્યાંક ૪૫૫ કરોડ રાખવામાં આવ્યો છે. જયારે હવે આગામી વર્ષે ૨૦૨૬-૨૭માં વેરાની આવક લક્ષ્યાંક ૫૯૬ કરોડ રાખવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૮માં સૂચવેલ મકાન વેરો યથાવત રાખી રહેણાંક મિલ્કતમાં પ્રતિ ચોરસ મીટર ૧૧ રૂપિયા અને બિન રહેણાંકમાં ૨૫ રૂપિયા યથાવત રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત વાહન વેરામાં પણ કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને ૯૯,૯૯૯ કિંમતના વાહનોમાં ૧.૫%, ૧ લાખથી ૭.૯૯ લાખ કિંમતના વાહનો પર ૨.૫% અને ૮ લાખથી વધુ કિંમતના વાહનો પર ૩% વાહન વેરો વસૂલવામાં આવશે.

**હવાની ગુણવત્તા સુધારવા ૫.૩૦ લાખ વૃક્ષો વાવવા અને બોટનિકલ ગાર્ડનનું આયોજન**

રાજકોટ શહેરની હવાની ગુણવત્તા સુધારા વધારા માટે ૫.૩૦ લાખ વૃક્ષો વાવવામાં આવશે. ૨૦ હેક્ટરમાં બોટનિકલ ગાર્ડન ઊભું કરવામાં આવશે. લાલપરી તળાવ નજીક વૃક્ષો વવાશે. જયારે ૧૩૮ ઈ-બસ અને ૧૦૦ સીએનજી બસ પરિવહન માટે ખરીદવામાં આવશે જેને લઈને કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થઈ શકે. રેસકોર્ષ ખાતે નવો ગ્લો ગાર્ડન વિકસાવાશે.

**સાયકલની ખરીદી પર રૂ.૧૦૦૦ની સહાય**

સ્માર્ટ સિટી રાજકોટને પ્રદૂષણ મુક્ત બનાવવા અને લોકોમાં સાયકલિંગ પ્રત્યે જાગૃતિ લાવવા માટે મહાનગરપાલિકાએ ખાસ સબસીડી યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત નવી સાયકલ ખરીદનાર નાગરિકોને આર્થિક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. નવી સાયકલની ખરીદી પર લાભાર્થીને ૧૦૦૦ ની સબસીડી મળશે. મનપા દ્વારા આ વર્ષે અંદાજે ૨૫૦૦ જેટલા શહેરીજનોને આ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ માટે મહાનગરપાલિકાએ અંદાજે રૂ. ૨૫ લાખની જોગવાઈ કરી છે.

**રોડ રસ્તા માટે રૂ.૨૫૪ કરોડની જોગવાઈ**

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ગત વર્ષે લીવેબલ થીમ સાથે બજેટ તૈયાર કરવામાં આવ્યું હતુ જેમાં નગર એટલે કે નળ, ગટર અને રસ્તાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૩૮.૦૫ કરોડના ખર્ચે ૧૭૯.૮૩ કિલોમીટરના રસ્તા કાર્પેટ/રી-કાર્પેટ કરવામાં આવ્યા હતા અને હવે આ વર્ષે ૨૦૨૬-૨૭માં રોડ રસ્તા માટે રૂ.૨૫૪ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

**૧૯૮૬નો 'વોટર ટ્રેન' ખર્ચ હવે ગ્રાન્ટમાં ફેરવવા રાજય સરકારને રજૂઆત**

વર્ષ ૧૯૮૬-૮૭ દરમિયાન પાણીની તીવ્ર અછત સર્જાઈ હતી અને તે વખતે વિશ્ર્વ બેંક તરફથી રાજ્ય સરકારના પાણી પૂરવઠા બોર્ડને રૂ.૫.૪૩ કરોડની રકમ મળી હતી. પાણીની કટોકટી વખતે ટ્રેન દ્વારા રાજ્ય સરકારે પાણી પૂરૂ પાડેલ તેની રકમ રૂ.૧૭.૧૫ કરોડની રકમ વિવાદમાં છે. આ રકમને ગ્રાન્ટ તરીકે ગણવા અંગે રાજ્ય સરકારને રજૂઆત કરાઈ છે.

## પગાર ખર્ચ ૫૧૦ કરોડને આંબી ગયો : ટેકસની આવકનો નવો અંદાજ ૫૯૬ કરોડ

**એ.ઓ.પી. વાળા રહેણાંક મકાન માટેનો લઘુત્તમ વાર્ષિક દર રૂ.**

| નળ કનેક્શનની સાઈઝ | હાલના દર | સૂચવેલ દર |
|---|---|---|
| ૩/૪ (૨૦ મીમી) | ૬,૪૭૧ | ૧૦,૩૫૪ |
| ૧(૨૫ મીમી) | ૧૦,૮૦૦ | ૧૭,૨૮૦ |
| ૧ ૧/૪ (૩૦ મીમી) | ૧૬,૨૦૦ | ૨૫,૯૨૦ |
| ૧ ૧/૨ (૪૦ મીમી) | ૨૭,૦૦૦ | ૪૩,૨૦૦ |
| ૨ (૫૦ મીમી) | ૪૩,૨૦૦ | ૬૯,૧૨૦ |
| ૨ ૧/૨ (૬૫ મીમી) | ૬૪,૮૦૦ | ૧,૦૩,૬૮૦ |
| ૩ (૮૦ મીમી) | ૧,૦૮,૦૦૦ | ૧,૭૨,૮૦૦ |
| ૪ (૧૦૦ મીમી) | ૧,૬૨,૦૦૦ | ૨,૫૯,૨૦૦ |
| ૬(૧૫૦ મીમી) | ૨,૪૩,૦૦૦ | ૩,૮૮,૮૦૦ |
| ૮ (૨૦૦ મીમી) | ૩,૮૪,૦૦૦ | ૬,૧૪,૪૦૦ |
| ૧૨ (૩૦૦ મીમી) | ૮,૬૪,૦૦૦ | ૧૩,૮૨,૪૦૦ |




તસવીર : દિલિપ ગોહેલ

| મનપાના નવા વર્ષના પ્રોજેકટસ | અંદાજીત રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| **આવાસ** | |
| ઇડબ્લ્યુએસ-૧ અને ૨ના ૩૧૭૦ નવા આવાસ | ૪૬,૪૩૯ |
| **ફાયર** | |
| ૫૦ મીટર ઉંચાઇનું લેડર | ૨૦૦ |
| ડાયલ-૧૧૨ | ૮૦૦ |
| **આઇ.ટી.** | |
| આઇ-વે પ્રોજેક્ટ ૨.૦ | ૩૭૦૦ |
| ૩ડી જીઆઇએસ ઇમેજ અપડેશન | ૩૦૦૦ |
| ઇ-મેડીકર (હેલ્થ મેનેજમેન્ટ સિસ્ટમ) | ૫ |
| **સોલીડ વેસ્ટ** | |
| નાકરાવાડીમાં સેગ્રીગેટેડ બાય પ્રોડક્ટ પ્રોસેસીંગ | ૧૬૬૧ |
| આયકોનિક સ્કલ્પચર | ૧૪૪ |
| ૧૦ વેક્યુમ સ્વીપીંગ મશીન | ૧૦૦૦ |
| **રમત ગમત સુવિધા** | |
| પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડલથી વિકાસ | - |
| **બાગ બગીચા** | |
| ગ્લો ગાર્ડન વિકસાવવાનું કામ | ૧૦૦ |
| સફારી પાર્ક એન્ટ્રન્સ પ્લાઝામાં બ્યુટીફીકેશન | ૨૦૦ |
| **રોશની** | |
| સીસીએમએસ સ્ટ્રીટલાઇટ કંટ્રોલ | ૩૦૦ |
| નવા વિકસતા રોડ પર સેન્ટ્રલ એલઇડી | ૩૦૦ |
| **ડ્રેનેજના કામ** | |
| સીવર લાઇન જેટીંગ મશીન, રીસાયકલ મશીન | ૨૫૦ |
| જુના પુનીતથી જુના વાવડી પમ્પીંગ સ્ટેશન સુધી ડીઆઇ લાઇન | ૩૦૦ |
| ૨૩ એમએલડી નવા એસટીપી થી ટીટીપી સુધી ડીઆઇ લાઇન | ૧૦૦ |
| નાના પોપટપરા પમ્પીંગ સ્ટેશનથી એમપીએસ સુધી લાઇન | ૧૦૦ |
| વોટર મેનેજમેન્ટ યુનિટ માટે વેક્યુમ સર્કિટ બ્રેકર | ૧૨૫ |
| ઘંટેશ્વરમાં ૧૫ એમએલડી એસટીપી તથા પમ્પીંગ સ્ટેશન ફરતે કમ્પાઉન્ડ વોલ | ૧૮૦ |
| **વોટર વર્કસ** | |
| આજી ડેમ પર ૭૫ એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૫૬૩૨ |
| ન્યારી-૧થી કણકોટ ચોકડી, પુનીતનગર ૮૦ ફુટ રોડથી હેડવર્કસ સુધી પાઇપલાઇન | ૭૦૦ |

રાજકોટ,

રાજકોટ મહાપાલિકા આમ તો ઘણા વર્ષોથી આર્થિક કટોકટીનો સામનો કરે છે. બોન્ડ બહાર પાડવાથી માંડી હવે લોન લેવા સહિતની પ્રક્રિયા શરૂ કરાઇ છે ત્યારે મહાપાલિકાનો પગાર સહિતનો મહેસુલી ખર્ચ ખુબ ઉપર સુધી પહોંચી ગયાનું તંત્રએ સ્વીકાર્યુ છે.

આ વર્ષમાં અનિવાર્ય એવી ફાયર સહિતની ભરતીઓ ચાલુ રખાતા પગાર ખર્ચ વાર્ષિક રૂા.૪૮૦ કરોડથી વધીને રૂા.૫૧૦ કરોડ સુધી પહોંચ્યો છે.

મ્યુનિ. કમિશનરે આવકના સ્ત્રોત મજબુત કરવા નવો કરબોજ તો સુચવ્યો છે. ઉપરાંત હવે જમીન વેંચાણનો રૂા. ૫૮૫ કરોડ, એફએસઆઇ સહિત ટીપીની આવકનો ૩૩૫ કરોડ, મિલ્કત વેરાનો ૫૯૬ કરોડ, હોર્ડિંગ બોર્ડનો ૧૪ કરોડ અને રાજય તથા કેન્દ્ર સરકારની અલગ અલગ ગ્રાન્ટનો ૧૩૩૦ કરોડનો આવકનો અંદાજ રાખ્યો છે. પત્રકાર પરિષદમાં આ અંગે વધુ માહિતી આપતા તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, રોજ ૨૦ મીનીટ પાણી આપવા પમ્પીંગ સહિત વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં અંદાજીત ખર્ચ રકમ રૂ. ૧૨૫ કરોડ તથા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અંદાજીત ખર્ચ રકમ રૂ. ૨૧૧ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલમાં અડધા ઈંચના રહેણાંક કનેકશન માટે વાર્ષિક રૂપિયા ૧૫૦૦ ના દરથી પાણી ચાર્જ વસુલવામાં આવે છે તથા બિનરહેણાંક માટે રૂ. ૩૦૦૦ ના દરથી પાણી ચાર્જ વસુલવામાં આવે છે .

જેમાં વધારો સૂચવીને રહેણાંક માટે વાર્ષિક રૂ. ૨૪૦૦ તથા બિન રહેણાંક માટે વાર્ષિક રૂ. ૪૮૦૦ પાણી ચાર્જ સૂચવવામાં આવેલ છે. આ સિવાય મીટરવાળા અન્ય પ્રકારના કનેક્શન માટે પણ પાણી ચાર્જમાં વધારો સૂચવવામાં આવેલ છે.

મીટરથી પાણી પુરૂ પાડવામાં આવતું હોય તો તથા મીટર દ્વારા પાણી આપવાનું ફરજીયાત હોય છતા મીટર બેસાડવામાં આવેલ ન હોય કે મીટર બંધ હોય તો આકારવાના ઓછામાં ઓછા દરમાં પાણી ચાર્જમાં વધારો સૂચવવામાં આવે છે.

ગાર્બેજ કલેક્શન ચાર્જ અંગે તેઓએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષમાં અંદાજીત ખર્ચ રકમ રૂ. ૧૦૮ કરોડ તથા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અંદાજીત ખર્ચ રકમ રૂ. ૧૩૬ કરોડ જેટલો થવાનો અંદાજ છે.હવે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રહેણાંક મિલકતો માટે રૂ. ૮૦૦ તથા બિન રહેણાંક મિલકતો માટે હાલમાં વાર્ષિક રૂ. ૩૨૦૦ સૂચવવામાં આવેલ છે, જેનાથી અંદાજિત રકમ રૂ. ૪૬ કરોડ રૂપિયા જેટલી વધારાની આવક થવાનો અંદાજ છે.ઓનલાઈન પેમેન્ટ કરનારાને રકમના ૧ % વળતર (ઓછામાં ઓછુ ૫૦ રૂપિયા વધુમાં વધુ ૨૫૦ રૂપિયા) આપવામાં આવે છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ આ લાભ યથાવત રાખવા માટે સૂચવવામાં આવે છે.

એડવાન્સ વેરામાં ચાલુ વર્ષે આ સ્કીમ હેઠળ ૩,૪૬,૩૩૯ મિલકત ધારકોએ લાભ લીધેલ છે. આ વર્ષે પણ ૧૫ ટકા અને વિશેષ ૧ ટકા સહિતનું વળતર મળશે.વ્યવસાય વેરાની અત્યાર સુધી થયેલી ૨૬ કરોડની આવક સામે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રકમ રૂ. ૪૪ કરોડ આવકનો અંદાજ છે. થિયેટર ટેક્સની ૨૨ લાખ, એન્વાયરમેન્ટ ચાર્જની આવક યથાવત રહેવા ધારણા છે.

# રાજકોટમાં જાહેરખબર એજન્સી સિમ્પલ એડ.નો ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

### વ્યવસાયની સાથોસાથ અનેક પ્રકારની સામાજીક અને સેવાકીય પ્રવૃતિઓ




રાજકોટ,

કહેવાય છે કે વર્ષો વિતી જાય છે એક આગવી ઓળખ ઉભી કરતા. સૌરાષ્ટ્ર ની અનેક પ્રોડકટસ/સર્વિસીસને ટુંક સમયમાં બ્રાન્ડ બનાવવામાં એક અનોખો પ્રયાસ કરવામાં માહીર રાજકોટની નામાંકીત જાહેરખબર એજન્સી સિમ્પલ એડ. એન્ડ કોમ્યુનીકેશન ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે.

૩૨ વર્ષની તનતોડ મહેનત, વિશ્વાસ અને પ્રેમના અનોખા સંગમથી ગુજરાતના જાહેરખબર જગતમાં સિમ્પકલ એડ. અગ્રીમ સ્થાપન ધરાવે છે. એક આગવી ઓળખ ઉભી કરેલ છે.૪ ફેબ્રુઆરી ૧૯૯૪માં સરદારનગર રોડ ઉપર નાનકડી ઓફીસમાં એડવર્ટાઈઝીંગ ક્ષેત્રે પદાર્પણ કરી આજે સિમ્પુલ એડ. વટવળક્ષ બન્યુંપ છે. ભરતભાઈ રસીકભાઈ જોષી અને રાજુભાઈ નોંધાભાઈ જુંજાએ નફાના ધોરણને કયારેય પ્રાધાન્ય ન આપી ગ્રાહકોને વધુમાં વધુ લાભ આપી તેની સાથે એક ગ્રાહક અને વેપારી તરીકેનો નહીં પરંતુ મિત્રતાનો સેતુ બાંધીને પારિવારીક વાતાવરણ ઉભુ કર્યુ તેનાથી આજે સિમ્પેલ એડ. બહોળો મિત્રવર્તુળ વર્ગ ધરાવે છે. સિમ્પલ એડ. એ માત્ર કમાણીનું માધ્યમ નહીં પરંતુ સેવા ક્ષેત્રે પણ એટલું જ પદાર્પણ છે.

પરીવર્તન અને સમયની માંગ છે સમયની સાથે તાલ મીલાવા સિમ્પલ એડ. ડીઝીટલ ક્ષેત્રે પણ પદાર્પણ કર્યુ છે. આંગળીના ટેળવે વ્યવસાયનો વ્યાપ વધારવા પ્રયાસ થઈ રહયો છે. ગ્રાહકોને તેના પૈસાનું પુરૂ વળતર મળે તે હેતુથી ફેસબુક, ઈન્ટાગ્રામ, વ્હોટસએપ, ગુગલ એડ, યુ-ટ્યુબ સહીતના તમામ સોશ્યલ મીડીયા સાઈટ પર તમામ પ્રકારની ડીજીટલ એડવર્ટાઇઝીંગ સર્વિસ પૂરી પાડી રહયા છીએ. ડીજીટલ યુગમાં અમારી આ ડીજીટલ સર્વિસને ગ્રાહકોનો સંપૂર્ણ સહકાર મળી રહ્યો છે.

ત્રણ દાયકાની તમામ પ્રેસ મીડીયા તરફથી જે પ્રેમ અને હુંફ મળી છે તે અવિસ્મરણીય છે. મીડીયાએ બિઝનેશની સાથોસાથ સિમ્પલ એડ.ની સામાજીક અસ્મિતાને પણ ટોચ પર પહોંચાડવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ભરતભાઈ જોષી (મો. ૯૮૨૫૨૮૬૫૬૦) અને રાજુભાઈ જુંજા (મો. ૯૮૯૮૧૦૨૪૭૨) દ્વારા વ્યવસાયની સાથોસાથ અનેક પ્રકારની સામાજીક અને સેવાકીય પ્રવતિઓ પણ કરવામાં આવે છે. જેમાં સાંધાના દુ:ખાવાના આયુર્વેદિક તેલનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે આ તેલથી દર વર્ષે ૬૦૦૦ થી વધુ લોકો દુ:ખાવામાં રાહત મેળવે છે. આ ઉપરાંત સમુહલગ્ન, રકતદાન કેમ્પ, આરોગ્ય સેવા કેમ્પથ જેવી વિવિધ સેવાકિય પ્રવળતિના કારણે બન્નેએ સમાજ જીવનમાં અદકેરૂ સ્થાન હાંસલ કર્યુ છે. સિમ્પલ એડ.ની સફળ સફર યાત્રાના સંગાથી એવા લલીતભાઈ શાહ (માસા), બિપીન રાઠોડ, હાર્દિક જોશી, કરણ જુંજા, રોનક વાગડિયા વગેરેનું પણ અનન્ય યોગદાન રહયું છે.

# ઉનામાં કાર-બાઈક વચ્ચે અકસ્માતમાં કોડીનારના યુવાનનું ઘટનાસ્થળે જ મોત

કૈલેશ ભટ્ટ ઉના:

ઉના-ભાવનગર રોડ પર રામેશ્વરના પાટિયા નજીક રાત્રિના સમયે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને બાઈક વચ્ચે થયેલી ટક્કરમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ યુવાનને તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક યુવાનનું નામ કિશન ભૂતભાઈ સોરઠિયા (રહે. કોડીનાર) છે. બાઈક પર સવાર અન્ય યુવાન ભાવેશ બાવજીભાઈ સોરઠિયા (ઉંમર ૩૦, રહે. ભાચા) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે અને હાલ તેની સારવાર



ચાલી રહી છે. આ અકસ્માત ભાવનગર રોડ પર રામેશ્વરના પાટિયા નજીક થયો હતો. પ્રાથમિક વિગતો મુજબ, રોંગ સાઈડમાં આવી રહેલા ડબલ સવારી બાઈક અને એક ઈકો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. મૃતક કિશન અને ઈજાગ્રસ્ત ભાવેશ કાકા-મોટાબાપાના ભાઈઓ થાય છે. તેઓ પરિવારમાં સગાઈના પ્રસંગે મીઠું મોઢું કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.

# અમેરિકા સાથે ટ્રેડ ડીલથી 'આત્મનિર્ભર ભારત' મેક ઇન ઇન્ડિયાને વેગ મળશે: જગદીશભાઈ વિશ્વકર્મા

### આ કરારમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ ક્ષેત્રો કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની દેશના ખેડૂતો અને ગામડાના નાગરિકોના હિતને સાચવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે :: શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

રાજકોટ

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભારતીય



જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઐતિહાસિક ભારત–અમેરિકા ટ્રેડ ડીલ માટે વૈશ્વિક નેતા અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે, આ કરાર ભારત અને અમેરિકાના સંબંધો માટે મહત્વપૂર્ણ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નિર્ણયાત્મક નેતૃત્વ હેઠળ ભારત વૈશ્વિક મંચ પર તેની આર્થિક શક્તિ સાથે વધુ મજબૂત બનીને ઉભરી રહ્યું છે. આ ડીલથી 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિગમને વેગ મળશે, જેની સકારાત્મક અસર દૂરગામી હશે.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, આ ટ્રેડ ડીલથી દરેક ભારતીય માટે નવા અવસરોના દ્વાર ખુલશે. આપણી અર્થવ્યવસ્થાને વધુ ગતિ આપનાર આ ડીલ માત્ર રોજગાર વધારશે એટલું જ નહીં પરંતુ ૨૦૪૭ સુધી દરેક ક્ષેત્રમાં ભારતને અગ્રણી બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ ટ્રેડ ડીલથી સ્જીસ્ઈ, એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ અને મરીન ક્ષેત્ર સહિત તમામ સેક્ટરને મહત્વપૂર્ણ લાભ થશે. આ ડીલથી 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' અને 'ડિઝાઈનડ ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' મંત્ર સાચા અર્થમાં સાકાર થશે. આપણે ગર્વથી કહી શકીએ છીએ કે આ એક લેન્ડમાર્ક ડીલ છે.

તેઓએ વધુમાં કહ્યું કે, આ ડીલ દ્વારા અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદનો માટે ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, જેના કારણે ભારતીય નિકાસને વેગ મળવાની અપેક્ષા છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કૃષિ અને ડેરી સેક્ટરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે અને આ કરારમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા સંવેદનશીલ ક્ષેત્રો કૃષિ અને ડેરીને સુરક્ષિત રાખવામાં આવ્યા છે. વિશ્વ ભારતની આશાવાદથી આગળ વધી રહ્યું છે. ભારતની આજની પ્રગતિ આર્થિક બાબતમાં વિશ્વ સ્તરે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે 'મેક ઈન ઈન્ડિયા' ના વધતા વૈશ્વિક વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.